Extra No. 03

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, JANUARY 1, 2026 / PAUSHA 11, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૩૦૫/યુડીયુએચડી/સીએમઓ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૩/૧૬૪૭/એમ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Municipalities Act, 1963

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક: કેવી/૨૦૨૫નો ૩૦૫/યુડીયુએચડી/સીએમઓ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૩/૧૬૪૭/એમ:- સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ન-ના ખંડ (૨) અને અનુચ્છેદ ૨૪૩ધ-ના ખંડ (ઘ)-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૨૪મી જુલાઇ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીવી/૨૦૨૫નો ૨૫૧ યુડીયુએચડી/સીએમઓ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૩/૧૬૪૭/એમ સેક્શન. હેઠળ વાઘોડીયા નગરપાલિકાની વિદ્યમાન સ્થાનિક હદોમાં અમુક વિસ્તારોનો સમાવેશ કર્યો છે;

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના વાઘોડીયા નગરપાલિકાના વિસ્તારોની વસતીના આંકડા અનુસાર તેમજ સન ૧૯૬૩ના અધિનિયમની કલમો ૬ અને ૭-ની જોગવાઇઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડની સંખ્યા અને કાઉન્સિલરોની બેઠકો તેમજ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને મહિલાઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૭ની પેટા-કલમ (૨) અને કલમ ૬ની પેટા-કલમો (૨) અને (૩)-થી મળેલી સત્તાની રૂએ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખ: ૩૦મી મે, ૨૦૨૫નું સરકારી જાહેરનામું ક્રમાંક: કેવી/૨૦૨૫નો ૧૮૫ યુડીયુએચડી/સીએમઓ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૩/૧૬૪૭/એમ. રદ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) વાઘોડીયા નગરપાલિકાના વિસ્તારો, છ (૬) વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા ચોવીસ (૨૪) કાઉન્સિલરોની બનશે;

(૨) કાઉન્સિલરોની ચોવીસ (૨૪) બેઠકોમાંથી,-

(૧) બે (૨) બેઠકો, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી એક (૧) બેઠક અનુસૂચિત જાતિઓની મહિલાઓ માટે અનામત રહેશે;

(૨) ચાર (૪) બેઠકો, અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી બે (૨) બેઠકો અનુસૂચિત આદિજાતિઓની મહિલાઓ માટે અનામત રહેશે;

(૩) પાંચ (૫) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી બે (૨) બેઠકો પછાત વર્ગોની મહિલાઓ માટે અનામત રહેશે;

(૪) બાર (૧૨) બેઠકો, અહીં ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે મહિલાઓ (અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને પછાત વર્ગોની મહિલાઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) માટે અનામત રહેશે.

અપવાદ: આ જાહેરનામાના કોઈપણ મજકૂરથી આ જાહેરનામાના આરંભ પહેલા, વાઘોડીયા નગરપાલિકાના વોર્ડ અને બેઠકો નક્કી કરવાના સંબંધમાં કરવામાં આવેલા કોઈ કૃત્યને અસર થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનીષ સી. શાહ,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.19 08:58:26 IST